e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 108
June 29, 2007

## સુરત મહાનગર સેવાસદનના પશ્ચિમ ઝોન (રાંદેર)ની દબાણની કામગીરી

પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં.૧ર (અડાજણ) ફાયનલ થયેલ છે તથા રાંદેર અડાજણનો ખુબજ સુવિકસીત વિસ્તાર છે. આ વિસ્તારમાં આવેલ ચોકસીની વાડીની સામે આવેલ ૬૦' ના રસ્તા ઉપર ફા. પ્લોટ નં. ૪૬ પૈકી સબ પ્લોટ નં. ૫, ના માલિક શ્રી મહેન્દ્રભાઈ મોહનલાલ ઠક્કર તથા નરેન્દ્રભાઈ મોહનલાલ ઠક્કર તરફથી શિવ ફરસાણ માર્ટ નામની ગેરકાયદેસર દુકાન શરૂ કરી દીધેલ. જે અન્વયે પશ્ચિમ ઝોન તરફથી ધી બી. પી. એમ. સી. એકટ ૧૯૪૯ની કલમ ર૬૮ની નોટીસ બજાવી આ મિલ્કતને સીલ મારવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## યુ.કે. ખાતેની ધી લીશેસ્ટરશાયર ચેમ્બર ઓફ કોમર્સ તથા ધી ઈકોનોમી પાર્ટનરશીપનું શીષ્ટમંડળની સુરત મહાનગર સેવાસદનની મુલાકાત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી યુ.કે. ખાતેની ધી લીશેસ્ટરશાયર ચેમ્બર ઓફ કોમર્સ તથા ધી ઈકોનોમી પાર્ટનરશીપના એક શીષ્ટ મંડળે આજ તા. રર/૦૬/૦૭ ના રોજ સુરત મહાનગર સેવાસદનની મુલાકાત લઈ પબ્લીક એન્ડ પ્રાઈવેટ સેકટર પાર્ટનરશીપ (PPP) બાબતે પ્રેઝન્ટેશનમાં લીશેસ્ટરશાયર ચેમ્બર ઓફ કોમર્સ તથા ધી ઈકોનોમી તરફથી શ્રી કિશોર ટેલર, ચીફ એકઝયુકયુટીવ લેસ્ટરશાયર ઈકોનોમીક પાર્ટનરશીપ, શ્રી જોન ડે, ચેરમેન, લીશેસ્ટરશાયર ચેમ્બર ઓફ કોમર્સ તથા શ્રી મહેન્દ્ર મીસ્ત્રી મેનેજર, લીશેસ્ટરશાયર ઈન્ડિયા ટ્રેડબ્યુરો તથ સુરત મહાનગર સેવાસદન તરફથી મેયરશ્રી, ડે.મેયરશ્રી, ચેરમેનશ્રી (સ્થાયી સમિતિ), નેતાશ્રી, શાસક પક્ષ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, તથા સુરત મહાનગર સેવા સદનના કમિશ્નરશ્રી તથા ઉચ્ચકક્ષાના અધિકારીશ્રીઓ તેમજ ચેમ્બર ઓફ કોમર્સ તરફથી પ્રમુખશ્રી અરવિન્દભાઈ કાપડીયા તથા અન્ય સભ્યશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.



વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોન ખાતે "સંગઠન શકિત વિનય" શિલ્પ કૃતિ તેમજ બાળ શહીદ સ્મારક તેમજ "આંસુનું પ્રતિક" શિલ્પ કૃતિની લોકાર્પણ વિધિ



સુરત મહાનગર સેવા સદન ધ્વારા સેન્ટ્રલ ઝોન ખાતે "સંગઠન શકિત વિજય" શિલ્પકૃતિ તેમજ બાળ શહીદ સ્મારક તેમજ "આંસુનું પ્રતિક" શિલ્પકૃતિની લોકાર્પણવિધિ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્હસ્તે તા.ર૬–૦૬–ર૦૦૭નાં રોજ સવારે કરવામાં આવેલ છે. આ પ્રસંગે કમિશ્નરશ્રીએ શ્રધ્ધાંજલી અર્પતા સને–ર૦૦૬માં કાશ્મીરની સહેલગાહે ગયેલ શહેરના સલાબતપુરા–રૂસ્તમપુરા વિસ્તારના ચાર માસુમ બાળકો બોમ્બકાંડમાં આંતકવાદનો ભોગ બનેલ (૧) ફેનીલ હેમંતકુમાર જરીવાલા ઉ. વર્ષ–૭,(ર) રોબીન રાકેશકુમાર જરીવાલા ઉ. વર્ષ–૭, (૩) ક્રિષ્ના રાજેશકુમાર જરીવાલા ઉ. વર્ષ–૧૫, તેમજ (૪) ખુશ્બુ નરેન્દ્રકુમાર જરીવાલા ઉ. વર્ષ–૧૫, બાળકોની સ્મૃતિમાં "બાળ શહીદ સ્મારક" સુરત મહાનગર સેવાસદન તરફથી લોક લાગણીને માન આપી આ સ્મારક તૈયાર કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## નિર્મળ ગુજરાત–નિર્મળ સુરત–વર્ષ–ર૦૦૭ નિમિત્તે નોર્થ ઝોન (કતારગામ)માં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ

નિર્મળ ગુજરાત–નિર્મળ સુરત–વર્ષ–ર૦૦૭ નિમિત્તે નોર્થઝોન (કતારગામ) માં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા જનજાગૃતિ અભિયાન અધિકારીઓ તથા લોકભાગીદારી કરી યોજાયો. આજ રોજ તા.ર૭/૦૬/૦૭ નાં રોજ ઝોનના વડા ડે.કમિશ્નરશ્રી (પ અને ઈ) ઝોનલ ઓફિસરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, ડે.ઈજનેરોશ્રી તથા અન્ય અધિકારી/કર્મચારીઓ સાથે રહીને અંખડઆનંદ વોર્ડના વેડ ડભોલી વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન સફળતા પૂર્વક પાર પાડેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## નિર્મળ ગુજરાત–નિર્મળ સુરત–વર્ષ–ર૦૦૭ નિમિત્તે સેનટ્રલ ઝોનમાં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ

નિર્મળ ગુજરાત–નિર્મળ સુરત–ર૦૦૭ અંતર્ગત સુરત મહાનગર સેવાસદનના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આરોગ્ય અને એન્જિનિયરીંગ વિભાગ સંકલનમાં રહીને તા.ર૭/૦૬/૦૭ને બુધવારના રોજ વોર્ડ નં. ૭ બી (૧)રૂઘનાથપુરા વરાછાશેરી, ચોથીયાશેરી, મલારશેરી સતીમાતાની શેરી બમનજીશેરી નાડીયાશેરી છોવાળાની શેરી વરાછાશેરી થી લાલદરવાજા હરીજનવાસ થી રામપુરા રામબાગ સુધી. (૩) પટેલવાડી નોર્થઝોન ની કચેરી સુધીના રોડ પર બ્રશીંગ સ્ક્રેપીંગ સહીત તળીયા ઝાટક સાફ સફાઈ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગર સેવાસદનના પશ્ચિમ ઝોન (રાંદેર)ની દબાણની કામગીરી

પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં.૧૨ (અડાજણ) ફાયનલ થયેલ છે તથા રાંદેર અડાજણનો ખુબજ સુવિકસીત વિસ્તાર છે. આ વિસ્તારમાં આવેલ ચોકસીની વાડીની સામે આવેલ ૬૦' ના રસ્તા ઉપર ફા. પ્લોટ નં. ૪૬ પૈકી સબ પ્લોટ નં. ૫, ના માલિક શ્રી મહેન્દ્રભાઈ મોહનલાલ ઠક્કર તથા નરેન્દ્રભાઈ મોહનલાલ ઠક્કર તરફથી શિવ ફરસાણ માર્ટ નામની ગેરકાયદેસર દુકાન શરૂ કરી દીધેલ. જે અન્વયે પશ્ચિમ ઝોન તરફથી ધી બી. પી. એમ. સી. એકટ ૧૯૪૯ની કલમ ૨૬૮ની નોટીસ બજાવી આ મિલ્કતને સીલ મારવામાં આવેલ. તેમજ આ દુકાનમાં પાછળના ભાગે આર.સી.સી. ફુટીંગ, કોલમ, બીમ ભરી તથા સ્લેબ ભરી ભોંયતળિયુ તથા પ્રથમ માળનું માર્જીનવાળા ભાગ સહીતમાં ગેરકાયદેસર બાંધકામ કરી દીધેલ જે અન્વયે પશ્ચિમઝોન તરફથી તા.૦૯/૧૦/૦૬ મનાઈ હુકમ તથા કારણદર્શક નોટિસ આપેલ. તેમ છતાં મિલ્કતદાર તરફથી સ્થળે બાંધકામ બંધ ન કરેલ તેમજ પશ્ચિમ ઝોનની કચેરીએ રજુ કરેલ પ્લાન પણ મંજુર કરાવેલ નહીં. જેથી આજ રોજ તા.૨૧/૦૬/૦૭ થી પશ્ચિમઝોન તરફથી મિલ્કતદારે માર્જીનવાળા ભાગમાં આશરે ૪૦'×૫' ના માપ વિસ્તારમાં એટલે કે ૨૦૦ ચો.ફુટ ભોંયતળિયુ તથા પ્રથમ માળના સ્લેબમાં ગાબડા પાડી સ્લેબના સળિયા કાપી નાખવામાં આવેલ છે. તેમજ ૬૦' ના મેઈન રોડ પર ૧૫'×૧૦' એટલે કે ૧૫૦ ચો.ફુટની દુકાન તોડી પાડવામાં આવેલ છે. ત્યારબાદ મિલ્કતદારે બાકી રહેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની બાંહેધરી આપતાં કામગીરી અટકાવેલ. વહીવટી ખર્ચ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લીધેલ છે. તેમજ આ મિલ્કતને લાગુ પ્લોટ નં. ૩,૪ માં વાંસના બાંબુ લગાવી છતનાં ભાગે ગેલ્વેનાઈઝના પતરા લગાવી કાચી દુકાનો આશરે ૬૦૦ ચો.ફુટમાં બનાવેલ જે પણ દુર કરવામાં આવેલ છે. આમ, કુલ્લે આશરે ૧૧૫૦ ચો.ફુટનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

આ કામગીરીમાં ઉધના,વરાછા,કતારગામ,અઠવા તેમજ સીકયુરીટી સ્ટાફ સાથે રાખી પશ્ચિમ ઝોન દબાણ સ્ટાફ તેમજ શહેર વિકાસના સ્ટાફથી ઝોનલ ચીફશ્રીની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે.

TOP

# યુ.કે. ખાતેની ધી લીશેસ્ટરશાયર ચેમ્બર ઓફ કોમર્સ તથા ધી ઈકોનોમી પાર્ટનરશીપનું શીષ્ટમંડળની સુરત મહાનગર સેવાસદનની મુલાકાત



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી યુ.કે. ખાતેની ધી લીશેસ્ટરશાયર ચેમ્બર ઓફ કોમર્સ તથા ધી ઈકોનોમી પાર્ટનરશીપના એક શીષ્ટ મંડળે આજ તા. ૨૨/૦૬/૦૭ ના રોજ સુરત મહાનગર સેવાસદનની મુલાકાત લઈ પબ્લીક એન્ડ પ્રાઈવેટ સેકટર પાર્ટનરશીપ (PPP) બાબતે પ્રેઝન્ટેશનમાં લીશેસ્ટરશાયર ચેમ્બર ઓફ કોમર્સ તથા ધી ઈકોનોમી તરફથી શ્રી કિશોર ટેલર, ચીફ એકઝયુકયુટીવ લેસ્ટરશાયર ઈકોનોમીક પાર્ટનરશીપ, શ્રી જોન ડે, ચેરમેન, લીશેસ્ટરશાયર ચેમ્બર ઓફ કોમર્સ તથા શ્રી મહેન્દ્ર મીસ્ત્રી મેનેજર, લીશેસ્ટરશાયર ઈન્ડિયા ટ્રેડબ્યુરો તથ સુરત મહાનગર સેવાસદન તરફથી મેયરશ્રી, ડે.મેયરશ્રી, ચેરમેનશ્રી (સ્થાયી સમિતિ), નેતાશ્રી, શાસક પક્ષ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, તથા સુરત મહાનગર સેવા સદનના કમિશ્નરશ્રી તથા ઉચ્ચકક્ષાના અધિકારીશ્રીઓ તેમજ ચેમ્બર ઓફ કોમર્સ તરફથી પ્રમુખશ્રી અરવિન્દભાઈ કાપડીયા તથા અન્ય સભ્યશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

સદરહુ પ્રેઝન્ટેશનનો શુભઆરંભ મા.કમિશ્નરશ્રીએ ઉપસ્થિત સભ્યોને આવકારીને સુરત શહેરના વિકાસનો ટુંકો પરિચય આપી કરી હતી તથા સુરત મહાનગર સેવાસદન તરફથી ડેલીગેશનના સભ્યોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ હતું. સુરત મહાનગર સેવાસદન તરફથી સુરતના વિકાસ દર્શાવતા તથા પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ દ્વારા હાથ ધરાયેલ તથા આયોજન હેઠળના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, એનર્જી કન્ઝર્વેશન, સ્કાડા સીસ્ટમ, હાઉસીંગ ફોર અર્બન પુવર્સ જી.આઈ.એસ. મેપીંગ વિવિધ ક્ષેત્રના વિવિધ પ્રોજેકટસની વિગતોની ઝાંખી કરાવતું પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવેલ તથા લીશેસ્ટરશાયર ચેમ્બર ઓફ કોમર્સ તરફથી પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ સંદર્ભે તેઓશ્રી દ્વારા થયેલ કામગીરી બાબતનું પ્રેઝન્ટેશન રજુ કરી આ બાબતે તેઓના વિચારો રજુ કરવામાં આવેલ તથા આ બાબતે સુરત મહાનગર સેવાસદન અને લીશેસ્ટરશાયર મ્યુનિ.કામગીરી તથા સમસ્યાઓની સામ્યતા દર્શાવી તેના નિરાકરણ માટે PPP (પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ) ની અગત્યતતા દર્શાવી આ અંગેનો એક બીજાના અનુભવોનું આદાન પ્રદાન કરવા પર ભાર મુકેલ તથા આ માટે સુરતના ડેલીગેશનને લીશેસ્ટરશાયરની મુલાકાત લેવા આમંત્રણ આપવામાં આવેલ તથા એક બીજાની કાર્યપધ્ધતિથી વાકેફ થવા સારૂ પ્રતિનિધિઓને અરસ–પરસ રૂબરૂ મુલાકાત લઈ, પોતાના અનુભવોને પ્રત્યક્ષ આદાન પ્રદાન કરવાનું સુચન કરવામાં આવેલ.



કાર્યક્રમના અંતે મેયરશ્રી દ્વારા આમંત્રિત મહેમાનોને ઉદબોધન કરી સમારંભનું સમાપન આભારવિધિ કરી, ડેલીગેટસને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવેલી તથા ડેલીગેટસ તરફથી પણ સુરત મહાનગર સેવાસદનના કમિશ્નરશ્રી, મેયરશ્રી, ડે.મેયરશ્રી તથા સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેનશ્રીને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવેલ.

TOP

# સેન્ટ્રલ ઝોન ખાતે "સંગઠન શકિત વિનય" શિલ્પ કૃતિ તેમજ બાળ શહીદ સ્મારક તેમજ "આંસુનું પ્રતિક" શિલ્પ કૃતિની લોકાર્પણ વિધિ




સુરત મહાનગર સેવા સદન ધ્વારા સેન્ટ્રલ ઝોન ખાતે "સંગઠન શકિત વિજય" શિલ્પકૃતિ તેમજ બાળ શહીદ સ્મારક તેમજ "આંસુનું પ્રતિક" શિલ્પકૃતિની લોકાર્પણવિધિ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્દહસ્તે તા.૨૬–૦૬–૨૦૦૭નાં રોજ સવારે કરવામાં આવેલ છે. આ પ્રસંગે કમિશનરશ્રીએ શ્રધ્ધાંજલી અર્પતા સને–૨૦૦૬માં કાશ્મીરની સહેલગાહે ગયેલ શહેરના સલાબતપુરા–રૂસ્તમપુરા વિસ્તારના ચાર માસુમ બાળકો બોમ્બકાંડમાં આંતકવાદનો ભોગ બનેલ (૧) ફેનીલ હેમંતકુમાર જરીવાલા ઉ. વર્ષ–૭,(૨) રોબીન રાકેશકુમાર જરીવાલા ઉ. વર્ષ–૭, (૩) ક્રિષ્ના રાજેશકુમાર જરીવાલા ઉ. વર્ષ–૧૫, તેમજ (૪) ખુશ્બુ નરેન્દ્રકુમાર જરીવાલા ઉ. વર્ષ–૧૫, બાળકોની સ્મૃતિમાં "બાળ શહીદ સ્મારક" સુરત મહાનગર સેવાસદન તરફથી લોક લાગણીને માન આપી આ સ્મારક તૈયાર કરવામાં આવેલ છે. આ બાળ શહીદ સ્મારકનું થીમ "આંસુ" રાખવામાં આવેલ છે. જે દુઃખદ પળે માસુમ બાળકો મૃત્યુ પામ્યા તે પળને યાદ કરી આંતકવાદ સામે નફરતની આગ હંમેશા પ્રજજવલિત રહે તેવી ભાવના "આંસુ" ની શિલ્પકૃતિ ધ્વારા દર્શાવવાનો એક નમ્ર પ્રયાસ કરવામાં આવેલ છે.

શાસક પક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈએ શ્રધ્ધાંજલી અર્પતા જણાવ્યું કે ચાર માસુમ બાળકો આતંકવાદીઓનો ભોગ બનેલ છે તેની યાદ શહેરની જનતાને કાયમ માટે રહે તે માટે આ સ્મારક તૈયાર કરવામાં આવેલ છે. તેમજ લોકોને સંગઠીત રહી આતંકવાદીઓનો સામનો કરવા કટીબધ્ધ થવા જણાવેલ છે.

ડે. મેયર ડો. સુષ્માબેન એસ. અગ્રવાલે શ્રધ્ધાંજલી અર્પતા જણાવ્યું કે આતંકવાદનો જે ચાર બાળકો ભોગ બન્યા છે તેમના આત્માને પ્રભુ શાંતી આપે તેમજ તેમના કુટુંબને શકિત અને સહનશીલતા આપે તેવી પ્રભુને પ્રાર્થના કરી.

મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ તેમના પ્રવચનમાં સુરત મહાનગર સેવા સદન ધ્વારા સગરામપુરા કાળા મહેતાની શેરીના નાકે આવેલ ખુલ્લી જગ્યામાં પેડેસ્ટલ ઉપર 'સંગઠન શકિત વિજય" આધારિત શિલ્પકૃતિ તેમજ સલાબતપુરા સીઘી શેરીના નાકે હયાત આઈલેન્ડના સ્થળે કાશ્મીરમાં આતંકવાદનો ભોગ બનેલ ચાર બાળકોની સ્મૃતિમાં "બાળ શહીદ સ્મારક" બનાવવામાં આવેલ છે.

કાશ્મીરમાં સને ૨૦૦૬ની સાલમાં સુરત શહેરના સલાબતપુરા–રૂસ્તમપુરા વિસ્તારના ચાર બાળકો આતંકવાદીઓના બોમ્બકાંડમાં શહીદ થયેલ હતા. આવા અક્ષમ્ય આતંકવાદીઓના કૃત્ય સામે સંગઠીત થઈ હિંમતથી તેનો સામનો કરવા પ્રજાને હાકલ કરેલ.



જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી નીતીનભાઈ ડી. ભજીયાવાલાએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે સુરત મહાનગર સેવા સદનના મા.અધ્યક્ષશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, વોર્ડના સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા જાહેર જનતા બાળ શહીદોના સ્મારકના લોકાર્પણવિધિ વખતે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

TOP

## નિર્મળ ગુજરાત–નિર્મળ સુરત–વર્ષ–૨૦૦૭ નિમિત્તે નોર્થ ઝોન (કતારગામ)માં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ

નિર્મળ ગુજરાત–નિર્મળ સુરત–વર્ષ–૨૦૦૭ નિમિત્તે નોર્થઝોન (કતારગામ) માં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા જનજાગૃતિ અભિયાન અધિકારીઓ તથા લોકભાગીદારી કરી યોજાયો. આજ રોજ તા.૨૭/૦૬/૦૭ નાં રોજ ઝોનના વડા ડે.કમિશ્નરશ્રી (પ અને ઈ) ઝોનલ ઓફિસરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, ડે.ઈજનેરોશ્રી તથા અન્ય અધિકારી/કર્મચારીઓ સાથે રહીને અંખડઆનંદ વોર્ડના વેડ ડભોલી વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન સફળતા પૂર્વક પાર પાડેલ છે. જે અંતર્ગત કુલ–૦૮ ટીમો દ્વારા (૧) ડભોલી ચાર રસ્તા થી પીન્કી ગેસ એજન્સી સુધી (૨) પીન્કી ગેસ એજન્સી થી ડભોલી ગામ વિરામ નગર સોસા.સુધી (૩) ડભોલી ગામતળ વિસ્તાર (પંચ ફળીયું, પોસ્ટ ઓફિસ ફળીયું, ટેકરા ફળીયં, ગજરાબા સોસા.) સુધી (૪) ડભોલી સિધ્ધાર્થ ચોક થી નદી કિનારા સુધી (હળપતિ વાસ, વણઝારા વાસ) (પ) નાની વેડ ગામતળ વિસ્તાર (લક્ષ્મીનારાયણ મંદિર થી ઉપલુ ફળીયું અને નીચલુ ફળીયું) (૬) નાયકા વાસ થી મોટી વેડ જય પરમાત્મા મંદિર સુધી (ક્રિષ્ના સ્ટ્રીટ) (૭) મોટી વેડ બસ સ્ટેન્ડ થી પટેલ ફળીયું, લીમડા ફળીયું, પ્રજાપતિ ફળીયું, મોમનાવાડ સુધી (૮) ઝુંબેશ વિસ્તારમાં મેલેરીયા–ફાઈલેરીયાને લગતી પ્રચાર/પ્રસાર ડેમોસ્ટ્રેશનની કામગીરી કરાવવી. સ્વચ્છતા અભિયાન સફળતા પૂર્વક પાર પાડેલ છે. જે અંતર્ગત કુલ – ૦૮ ટીમો દ્વારા ઉપરોકત વિસ્તારોમાં ઘનિષ્ઠ સ્ક્રેપીંગ/બ્રસીંગ સહિત સફાઈ કામગીરી કરવામાં આવેલ સાથે આરોગ્ય વિષયક લોકજાગૃતિ અર્થે પ્રચાર/પ્રસાર કરવામાં આવેલ તેમજ ફાઈલેરીયા–મેલેરીયા વિભાગ દ્વારા અંગેની જાણકારી તેમજ લાઈવ ડ્રેમોસ્ટેશન દ્વારા લોકોને માહિતગાર કરવામાં આવેલ છે.

આ સફાઈ ઝુંબેશ દરમ્યાન ન્યુસન્સ કરતાં પ૪ ઈસમોને નોટીસ આપેલ છે. તથા વહીવટી ચાર્જ રૂા.૧૩પ૦/– વસૂલ લેવામાં આવેલ છે. ખાણીપીણી લારી/હોટલ કુલ – ૧૯ ચેક કરવામાં આવેલ છે. પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓ/માવાના કાગળો ૭૦૦ ગ્રામ જપ્ત કરવામાં આવેલ છે. જંતુનાશક દવા ચુનો – ૧પપ કિ.ગ્રા. નો છંટકાવ કરવામાં આવેલ છે.

આ ઝુંબેશ શ્રમદાન કરેલ જે જોઈને સ્થાનીક નાગરીકો પણ સ્વયંમ અભિયાન માં જોડાઈને પોતાના વિસ્તારને સ્વચ્છ કરવામાં સહકાર આપવામાં આવેલ છે.

TOP

## નિર્મળ ગુજરાત–નિર્મળ સુરત–વર્ષ–૨૦૦૭ નિમિત્તે સેનટ્રલ ઝોનમાં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ

નિર્મળ ગુજરાત–નિર્મળ સુરત–૨૦૦૭ અંતર્ગત સુરત મહાનગર સેવાસદનના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આરોગ્ય અને એન્જિનિયરીંગ વિભાગ સંકલનમાં રહીને તા.૨૭/૦૬/૦૭ને બુધવારના રોજ વોર્ડ નં. ૭ બી (૧)રૂઘનાથપુરા વરાછાશેરી, ચોથીયાશેરી, મલારશેરી સતીમાતાની શેરી બમનજીશેરી નાડીયાશેરી છોવાળાની શેરી વરાછાશેરી થી લાલદરવાજા હરીજનવાસ થી રામપુરા રામબાગ સુધી. (૩) પટેલવાડી નોર્થઝોન ની કચેરી સુધીના રોડ પર બ્રશીંગ સ્ક્રેપીંગ સહીત તળીયા ઝાટક સાફ સફાઈ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.

સમગ્ર કામગીરી દરમ્યાન મ્યુ. સભ્ય શ્રી જે પી.શાહ, શ્રીમતી સ્મિતાબેન એસ. પટેલ, શ્રી મનોજભાઈ લોટવાલા તથા આસી.આરોગ્ય અધિકારી શ્રી તથા આસી. જંનતુનાશક અધિકારી હાજર રહ્યા હતા. તેમજ મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી ઓ, પણ એસ આઈ. શ્રી તથા એસ.એસ.આઈ હાજર રહ્યા હતા.

સદર અભિયાન દરમ્યાન ન્યુસન્સ કરતાં ૩૯ ઈસમોને નોટીસ આપવામાં આવી. ૩૮ ઈસમો પાસેથી રૂા.૧૯૦૦/– વહીવટી ખર્ચ પેટે વસૂલ લેવામાં આવેલ છે. વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ૧૦૭૨ ઘરોમાં સર્વે કરી ૧૮ જેટલા મચ્છરના ઉત્પતિ સ્થાન શોધી કાઢી તેનો નાશ કરાવવામાં આવેલ, તેમજ તે બાબતે રૂા.૧૦૦૦/– દંડ કરવામાં આવેલ છે. અને ૪૩ સ્લાઈડ લેવામાં આવી, ૧૯ ગટર જાળીયા ની સફાઈ કામગીરી કરાવવામાં આવી.

TOP